રાંધેજા ચોકડી પાસેથી ચોરીના બાઈક સાથે ઉભેલા બે પકડાયા

એલસીબીએ બંનેની ધરપકડ કરી : ૪ વર્ષ પહેલા પેથાપુરની હદમાંથી બાઈક ચોરાયું હતું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલી રાંધેજા ચોકડી પાસેથી ચોરીના બાઈક સાથે બે શખ્સો ઉભા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે તપાસ કરી બંને શકમંદોની પુછપરછ કરી હતી. ચોરીનું બાઈક હોવાનું બહાર આવતા બંને શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. બંને પાસેથી મળી આવેલું બાઈક વર્ષ ૨૦૦૯માં પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાયું હોવાનું જાણવા મળ્યું છે.

એલસીબી પીએસઆઈ વાય.જે. રાઠોડને બાતમી મળી હતી કે રાંધેજા ચોકડી પાસે ચોરીના બાઈક સાથે બે શકમંદો ઉભા છે જેને આધારે એલસીબીની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. બંને શકમંદોની બાઈકના માલિક વિશે પુછપરછ કરતાં બંને શખ્સો એકબીજા પર ખો આપવા લાગ્યા હતાં. પોલીસે વિજાપુરના આનંદપુરા ખાતે રહેતા મુકુંદ કનૈયાલાલ પટેલ અને અમદાવાદ નોબલનગરના પાર્થ કિરીટભાઈ પટેલે બંને શખ્સોની ધરપકડ કરી બાઈક નં જીજે ૧ જે એન ૫૫૫ કબ્જે કર્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે આ બાઈક આજથી ચાર વર્ષ પહેલા વર્ષ ૨૦૦૯માં પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયું હતું. એલસીબીએ બાઈક ચોર સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજરાત રાજ્યના પાટનગરને જાણે ગંદકીનો શ્રાપ લાગ્યો હોય એમ લાગે છે. તંત્ર દ્વારા સફાઈ માટે વ્યવસ્થા કરાયાની જાહેરાતો વારંવાર કરાય છે ને વાર-તહેવારે એના માટે કરવામાં આવેલા ખર્ચના આંકડાય જાહેર કરવામાં આવે છે, પરંતુ તેમ છતાં આવાં દ્રશ્યો શહેરનો પીછો છોડતાં નથી. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરમાં ઘ રોડ ઉપર ઘ દોઢ પાસે મોટરકાર અને વીટકોસ બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કોઈ જાનહાનિના સમાચાર નથી. (તસવીર : દિપક જાની)

સે. ૨૩ ચીપ ટાઈપ શોપીંગમાં દારૂની મહેફીલ માણતા છ ઝડપાયા

એલસીબીની ટીમે દરોડો પાડી પીધેલાઓની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેક્ટર-૨૩ ચીપટાઈપ શોપીંગના અંબિકા ઓટો ગેરેજની દુકાનમાં દારૂની મહેફીલ ચાલતી હોવાની બાતમીને આધારે એલ.સી.બી.ની ટીમે દરોડો પાડીને છ નબીરાઓની ધરપકડ કરી લીધી છે. સે. ૨૧ પોલીસ સ્ટેશને મહેફીલનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી થવા પામી છે.

સેક્ટર-૨૩ ચીપટાઈપ શોપીંગ સેન્ટરમાં સ્થિત અંબિકા ઓટો ગેરેજની દુકાનમાં ગઈ મોડી સાંજે સવા સાઠ વાગ્યાના અરસામાં ગાંધીનગર એલ.સી.બી. પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ તથા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. દુકાનમાં છ શખ્સો દારૂની મહેફીલ માણતા ઝડપાઈ ગયા હતા. ઉનાવામાં રહેતાં વિપુલ ઉર્ફે ડેગો કેશવલાલ પટેલ, ઘ-૬ ખાતે પેઢી ચલાવતો અને ઉનાવા રહેતો વિરલ વિનુભાઈ પટેલ, ઉનાવાના કેતન નટવરભાઈ પટેલ, ઘનશ્યામ ઉર્ફે બોડી કેશવલાલ પટેલ, પ્રવિણ કાનાજી ચાવડા અને સે. ૨૯માં રહેતા એહઝાઝ હમીદઉલ્લાહખાન પઠાણ મળીને છ શખ્સો વિદેશી દારૂની મહેફીલ માણતા પકડાઈ જવા પામ્યા હતા. દરેક પીધેલાઓની ધરપકડને કરીને એલ.બીબીએ સે. ૨૧ પોલીસને સોંપ્યા છે.

રસોડાના પંખે સાડી બાંધીને પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

સે. ૪માં સવારે ૮ વાગે બનેલો બનાવ : ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી લેવાતા સમયસર સારવાર મળી ગઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૪ ખાતે રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ આજે કોઈ અગમ્ય કારણોસર પોતાના મકાનમાં જ રસોડાના પંખે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો જો કે સદ્દભાગ્યે તેણીની પર ધ્યાન પડી જતાં ૧૦૮ બોલાવી લઈ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. હાલ તેણીની તબીયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. જો કે આપઘાતનો પ્રયાસ કરવા પાછળનું કારણ હજુ બહાર આવ્યું નથી. સે. ૭ પોલીસે તે અંગે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારે ૮ વાગ્યાના અરસામાં સેક્ટર-૪ ખાતે રહેતી ૩૦ વર્ષિય પરિણીતાએ કોઈ અગમ્યકારણોસર આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ સવારે ઘરના રસોડામાં ગઈ અને પંખે સાડી બાંધી લટકી ગઈ હતી. પતિનું ધ્યાન જતાં બુમાબુમ કરી મુકી હતી અને પંખેથી ઉતારી દઈ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી લીધી હતી. પડોશીઓ પણ ઘટનાની જાણ થતા ભેગા થઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સમયસર હોસ્પિટલ લઈ જવાતા પરિણીતાનો જીવ બચી ગયો છે. સે. ૭ પોલીસે પરિણીતાના આપઘાતના પ્રયાસનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

શહેરમાં અદ્યતન સફાઈ વ્યવસ્થા ગોઠવવા જાગૃત નાગરિકોની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેક્ટરોમાં આંતરિક વિસ્તારમાં અદ્યતન સફાઈ વ્યવસ્થા ગોઠવવા શહેરના જાગૃત નાગરિકોએ મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ રજૂઆત કરી છે. આ મામલે મહાનગરપાલિકા કક્ષાએથી એજન્સી નિયત કરી યોગ્ય મોનીટરીંગ કરવાની વ્યવસ્થા ગોઠવી નમુનારૂપ સફાઈ કામગીરી હાથ ધરવા ખાત્રી આપવામાં આવી છે.

શહેરના સેક્ટરોમાં યોગ્ય સફાઈ વ્યવસ્થાના અભાવે આંતરિક વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાયા છે. આ મામલે જાગૃત નાગરિક પરિષદના નિરંજન ઓઝા તેમજ રાજેન્દ્ર પારેખ સહીતના પદાધિકારીઓએ મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ રજૂઆત કરી હતી. આ તબક્કે મહાનગરપાલિકા કક્ષાએથી આગામી તબક્કામાં સફાઈના નવા સાધનો ખરીદવા ઉપરાંત ડસ્ટબીનના સ્થળો નિયત કરવા તેમજ અદ્યતન સફાઈ વ્યવસ્થા ગોઠવવા ખાત્રી આપવામાં આવી છે. આ ઉપરાંત નાગરિક પરિષદની કમિશનર સાથે યોજાયેલી બેઠકમાં સેક્ટરોમાં રખડતા ઢોર તેમજ મચ્છરોનો ત્રાસ ડામવા સાવચેતીના પગલા લેવા પણ રજૂઆત કરવામાં આવી હતી. બેઠકમાં પરિષદના ઉપપ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, નિરંજન ઓઝા, હસમુખભાઈ ઠાકર સહીતના આગેવાનોએ વિવિધ પ્રશ્નો અંગે તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

ખોરજ બ્રીજ પરથી યુવાને કેનાલમાં ઝંપલાવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ખોરજ નર્મદા કેનાલના બ્રીજ પરથી આજે સમી સાંજે એક યુવાને કેનાલના પાણીમાં પડતુ મુક્યુ હતું. કેનાલમાં કુદતા યુવાનને જોઈ ગયેલા રાહદારીએ તાત્કાલિક પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ડુબી રહેલા યુવાનને બચાવવા ટોળુ ભેગુ થઈ ગયું હતું. અને કેનાલમાં દોરડ નાંખીને બચાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો પરંતુ ત્યાં સુધીમાં યુવાન કેનાલમાં ગરકાવ થઈ ગયો હતો. પોલીસે કેનાલમાં યુવાનના મૃતદેહની શોધખોળ આરંભી દીધી પરંતુ મોડી સાંજ સુધી મૃતદેહ મળી આવ્યો ન હતો.

સ્વામીનારાયણ ગુરુકુળ ભાટ ખાતે મહિલા સુરક્ષા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય ભાટ ખાતે મહિલાઓમાં સ્વસુરક્ષા માટે જાગૃતિ લાવવા માટે મહિલા સુરક્ષા કાર્યક્રમ મહિલા પોલીસ સ્ટેશન ગાંધીનગરના પી.આઈ. મીનાક્ષીબેન પટેલ અને પી.એસ.આઈ. એમ. આર. પુવારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં સ્વામીનારાયણ ગુરુકુળ (ભાટ)ની વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. જેમને પોતાના સ્વબચાવ અને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી.

જેસીઆઈ દ્વારા રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

જેસીઆઈ, ગાંધીનગરના ઉપક્રમે આગામી તા. ૩૦ જુલાઈના રોજ રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં અંગ્રેજી/ગુજરાતી માધ્યમના ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ પરીક્ષાનો મુખ્ય હેતુ યુવા પ્રતિભાઓને ઓળખીને તેમને સમાજમાં ઓળખ અને પ્રોત્સાહન આપવાનો છે.

આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને લોકલ, ઝોન અને રાષ્ટ્રીય કક્ષાએ સ્કોલરશીપ, પ્રમાણપત્રો અને ટ્રોફી આપવામાં આવશે. પરીક્ષાની એન્ટ્રી ફી રૂ. ૨૦ નિયત કરવામાં આવી છે. વધુ વિગતો જેસીઆઈની વેબસાઈટ **www.jcigandhinagar.org** ઉપર મળી શકશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટ ચેરમેન જેસી મૌલિક પટેલનો ૯૫૭૪૫ ૯૦૯૦૩ ઉપર સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે.

આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૪

સોમનાથ મહાદેવ મંદિર સેક્ટર-૧૬ ખાતે માઈ મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન તા. ૨૫ જુલાઈ ૨૦૧૩ને ગુરુવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

સ્વ. ફકીરભાઈના માનમાં સચિવાલય એસોસિએશન દ્વારા ૨૦-૨૦ મેચનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સચિવાલય ખાતે સ્વ. ભૂતપૂર્વ મંત્રી ફકીરભાઈ વાઘેલાને શ્રદ્ધાંજલિ આપવા માટે સચિવાલય એસોસિએશન દ્વારા ૨૦-૨૦ ઓવરની મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક જ ઓવરમાં ૬ વિકેટ લેવા બદલ અનુસૂચિત જાતિ (સમાજ કલ્યાણ)ની ક્રિકેટ ટીમના ખેલાડી શૈલેષ દત્તને અગ્ર સચિવ સંજય પ્રસાદ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિયામક એમ.એ. નરમાવાલા (આઈ.એ.એસ.) અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામક કે. જી. વણઝારા (આઈ.એ.એસ.) વિકસતી જાતિ કલ્યાણ તેમજ વિભાગના સચિવ, ઉપ સચિવ નાયબ સચિવશ્રીઓ, સેક્શન અધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જમાલુદ્દીન સૈયદ સેકશન અધિકારીએ કર્યું હતું.

ગાંધીનગર ટાઉનહોલમાં સાબરકાંઠા રોહિત સમાજની કોરાબારીની વરણી

ગાંધીનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળની સને ૨૦૧૩-૧૪ના વર્ષની કારોબારીની વરણી તાજેતરમાં કરવામાં આવી હતી. ગાંધીનગરના સેક્ટર-૧૭ના ટાઉનહોલ સામેના બગીચામાં સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળની સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ અરૂણ પરીખના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૩-૧૪ના વર્ષ માટેની કારોબારી સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમિતિના પ્રમુખ તરીકે અરૂણભાઈ પરીખ, ઉપપ્રમુખ મગનભાઈ પરમાર, પ્રવીણભાઈ રાઠોડ, મંત્રી તરીકે શૈલેષભાઈ પરમાર, ખજાનચી તરીકે દિનેશભાઈ રાઠોડ, સહમંત્રી તરીકે પ્રવીણભાઈ રાઠોડ, પ્રજ્ઞેશભાઈ મેસરિયા, આંતરિક ઓડીટર તરીકે કિરણભાઈ પરમાર, કારોબારી સભ્યો તરીકે કાંતિભાઈ પરમાર, ચેતનકુમાર સોલંકી, રાજીવ ચાવડા, કો. ઓપ્ટ. તરીકે રામભાઈ પરમાર, અમૃતભાઈ પરમાર, સહલાહકાર તરીકે નરેન્દ્રભાઈ સોલંકી, પરષોત્તમભાઈ ચૌહાણ અને પી. કાનડીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

હસ્તપ્રત વિદ્યા સર્ટીફીકેટ કોર્ષનો ૨૭મીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૪

ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન અને ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના સંયુકત ઉપક્રમે હસ્તપ્રત વિદ્યા અંગે ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતો ૬ મહિનાનો સર્ટીફીકેટ કોર્ષ તા. ૨૭મી જુલાઈ ૨૦૧૩ને શનિવારથી પ્રારંભ થશે.પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થાઓ દ્વારા સર્વપ્રથમવાર યોજાનારો ૬ મહિનાનો હસ્તપ્રત વિદ્યાના સર્ટિફિકેટ કોર્ષમાં ૨૦થી વધુ તજજ્ઞો વકતવ્ય આપશે. હસ્તપ્રત વાંચન, સંપાદન અંગે પ્રેક્ટિકલ કરવામાં આવશે.

વન મહોત્સવની ઉજવણી અંતર્ગત ગાંધીનગર બ્રહ્મ ભવન, સેક્ટર-૧૬ ખાતે બ્રહ્મબંધુઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૬

તાપમાન

મહત્તમ : ૨૮.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ ૯ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
ધ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
ડી-ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

ચિરાગ, કલોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. શકરાભાઈ રામાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૫) મુ.પો. શીહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામીબેન મગનભાઈ પરમાર (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૮૬૧/૨, સેકટર- ૫/સી, ગાંધીનગર.
- સ્વ. છનાજી રામાજી ઠાકોર (ઉ.વ. ૬૦) મુ.પો. કાંઠા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ.ભાવુભા ખૂમાનસિંહ ગોહિલ(ઉ.વ. ૯૦) રંગમંચની સામે, બગીચામાં, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ચંચળબેન ગોકળદાસ પટેલ (ઉ.વ. ૭૨) મુ.પો. પીંડારડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. માલતીબેન નારાયણ પયેકર(ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૭૨૩/૨, સેકટર- ૫/બી, ગાંધીનગર.